શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Basic Health Check-up (જનરલ હેલ્થ ચેકઅપ)
Rs. 2200/- Rs. 700/-
જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
કીડની તપાસ Creatinine
યુરિન ચેકઅપ Urine Test
કોલેસ્ટ્રોલ તપાસ Cholesterol
થાઈરોઈડ તપાસ TSH
લીવર તપાસ SGPT
સુગર તપાસ FBS, PPBS
સંધિવા તપાસ Uric Acid
દાંતની તપાસ Dental Checkups
હૃદયની તપાસ ECG
છાતીની તપાસ Chest X-Ray
એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેકશનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ-અગ્નિકર્મ-વેધનકર્મ-મર્મરુઃ (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્લિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અઠ્ઠુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ ચોથ રવિવાર ૨ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૦

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

દ. ગુ. બાદ હવે ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમાં મેઘતાંડવ

દ.ગુ.માં કીમ અને ટોકરી નદી ગાંડીતૂર બની, નવસારીમાં પૂરના પાણી ઘૂસી ગયા

રાજ્યમાં સૌથી વધુ મોરબી તાલુકામાં 8.66 ઈંચ વરસાદ, બીલીમોરામાં 600નું સ્થળાંતર કરાયું

રાજ્યમાં અત્યાર સુધીમાં 20ના મોત, 27861 લોકોનું સ્થળાંતર કરાયું

રાજ્યના 247 તાલુકામાં વરસાદ નોંધાયો, NDRF-SDRFની 50 ટીમો અને આર્મીની 6 કોલમ તૈનાત

ગાંધીનગર: દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસ સુધી કહેર મચાવ્યા બાદ હવે ચોમાસાની સક્રિય સિસ્ટમનો મારો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ ખસી ગયો છે. રાજ્યમાં શનિવારે સાંજે 6 વાગ્યા સુધી સરેરાશ 247 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ મોરબી તાલુકામાં 220 મીમી (8.66 ઈંચ) વરસાદ વરસતાં શહેર અને આસપાસના વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું હતું. સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા, વઢવાણ અને લખતર ઉપરાંત મોરબીના ટંકારા, હળવદ, માળિયા અને વાંકાનેરમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદ અને પૂરની સ્થિતિને પગલે

...અનુસંધાન પાના 11 પર

માંડવીનો ગોડધા ડેમ તૂટી ગયો....

અમદાવાદ, નવસારી અને સુરતમાં 2-2 આર્મી કોલમ સ્ટેન્ડબાય, એરફોર્સના હેલિકોપ્ટર પણ તૈયાર રખાયા

રાજ્યમાં વરસાદની સ્થિતિને પહોંચી વળવા સમગ્ર આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સતત કાર્યરત છે. NDRFની 17 ટીમો અને SDRFની 33 ટીમો મળીને કુલ 50 ટીમો વિવિધ જિલ્લાઓમાં તૈનાત રાખવામાં આવી છે. ઉપરાંત અમદાવાદ, નવસારી અને સુરતમાં 2-2 મળી કુલ 6 આર્મી કોલમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. જરૂરિયાત ઊભી થાય તો જામનગર, જોધપુર, વડોદરા અને પુણે ખાતે એરફોર્સના હેલિકોપ્ટરો પણ તૈયાર રાખવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે મોડી રાત્રે ગાંધીનગરના ઈમરજન્સી સેન્ટરની ઓચિંતી મુલાકાત લીધી

રાજ્યની વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શુક્રવારે મોડી રાત્રે ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરની ઓચિંતી મુલાકાતે પહોંચ્યા હતા અને સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને તમામ જિલ્લા કલેક્ટરોને સતર્ક રહેવા તથા બચાવ અને રાહત કામગીરી માટે સંપૂર્ણ તૈયારી રાખવા સૂચના આપી હતી.

બર્લિનમાં પ્રાઇડ ઇવેન્ટ પર થયેલા જીવલેણ હુમલાના બરાબર એક અઠવાડિયા પછી યોજાયેલા વાર્ષિક 'પ્રાઇડ ફેસ્ટિવલ'ના મુખ્ય આકર્ષણ એવા સિટી કેનાલ બોટ પરેડને જોવા માટે શનિવારે લાખો લોકો એમ્સ્ટેરડમની નહેરોના કિનારે એકઠા થયા હતા જે તસવીરમાં જોઇ શકાય છે.

અમેરિકા-ઈરાન વચ્ચે ફરીથી યુદ્ધ ભડકી ઉઠે તેવા સંકેતો

ઇરાનના વીજળી માળખા અને રિફાઇનરીઓ પર હુમલો કરવાનું વિચારતા અમેરિકા-ઇઝરાયેલ

વળતા હુમલાના લક્ષ્યો ઇરાને નક્કી કર્યા, ઉર્જા કેન્દ્રોને નિશાન બનાવશે

કુવૈતે ઇરાનના ડ્રોન હુમલાનો જવાબ આપ્યો, હોર્મુઝમાં જહાજ પર હુમલો, ઇઝરાયેલના ગાઝામાં હુમલા

તહેરાન, વૉશિંગ્ટન, તા. 1 : ઈરાને પ્રમુખ ટ્રમ્પ દ્વારા તેહરાન સામે આ વીકેન્ડમાં નવા હુમલાઓ કરવાના વિચારણા હેઠળના અહેવાલોનો જવાબ આપતા પોતાના જવાબી હુમલાના લક્ષ્યોના નામ આપ્યા છે. આ સાથે જ બંને દેશો વચ્ચે ફરીથી સંઘર્ષ ભડકી ઉઠે તેવા સંકેતો મળ્યા હતા. બંને પક્ષો આગળ શું કરવું તેના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. અમેરિકા-ઇઝરાયેલ ઇરાનના વીજળી માળખા અને રિફાઇનરીઓ પર હુમલા કરે તેવી શક્યતા છે. જ્યારે શુક્રવારે એક ઇરાનની એક અર્ધ સત્તાવાર સમાચાર એજન્સીએ દાવો કર્યો હતો કે જો અમેરિકા અને ઇઝરાયેલ આ વીકેન્ડ દરમિયાન કોઈ હુમલો કરશે, તો ઈરાને ઊર્જા માળખાને નિશાન બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે. એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ તસ્નીમ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે તેઓએ અમેરિકા અને ઇઝરાયેલી હુમલાઓની "ઘેલછા" નો સામનો કરવા માટે 'વ્યાપક જવાબી યોજનાઓ' તૈયાર કરી છે. તેમણે ઉમેર્યું કે તેમની પાસે આ યોજના અમલમાં મૂકવાની 'ક્ષમતા અને ઇચ્છાશક્તિ' બંને છે.

દરમિયાન, વિવિધ અહેવાલો સૂચવે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના પોતાના ઊર્જા માળખા પર હુમલો કરવા અંગે નિર્ણય લેવામાં વિવિધ વિકલ્પો વિચારતા હતા. વ્હાઇટ હાઉસે શુક્રવારે સંકેત આપ્યો હતો કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર નવા હુમલા કરવા અંગે વિચારણા કરી રહ્યા છે, કારણ કે અમેરિકા દબાણ કરી રહ્યું છે કે તેહરાન હોર્મુઝની સમુદ્રધૂનીને ફરીથી ખોલે અને ગત મહિને બંને પક્ષો વચ્ચે થયેલા યુદ્ધવિરામ કરારની શરતોનું પાલન કરે, જે કરાર ખૂબ જ ઝડપથી નિષ્ફળ ગયો હતો. કેમ્પ ડેવિડ ખાતે તેમની કેબિનેટ સાથેની ટેલિવિઝન બેઠકમાં પ્રમુખ ખૂબ આક્રમક મૂડમાં જણાતા હતા. તેમણે કહ્યું, અમે તેમના પર ખૂબ જ સખત પ્રહાર કરીશું અને

...અનુસંધાન પાના 11 પર

જુલાઇમાં જીએસટી વસૂલાત ૧૫.૪ ટકા વધીને રૂ. ૨.૧૧ લાખ કરોડ થઇ

આ મજબૂત વસૂલાતનું શ્રેય નિષ્ણાતો મજબૂત સ્થાનિક માંગ, ઊંચી આયાત અને વેરા અનુપાલનમાં સતત થયેલા સુધારાને આપે છે

જો કે આયાતમાંથી મળેલી જીએસટીની ઉંચી આવક અંગે આયાત પરની વધુ પડતી નિર્ભરતા સામે લાલ બત્તી

નવી દિલ્હી, તા. 1 : સ્થાનિક વ્યવહારો અને આયાતમાંથી ઊંચી આવકના કારણે જુલાઈ મહિનામાં સરકારને કુલ જીએસટીની આવક ૧૫.૪ ટકા વધીને રૂ. ૨.૧૧ લાખ કરોડથી વધુ થઈ છે.

જુલાઈ ૨૦૨૫માં ગ્રોસ GST કલેક્શન રૂ. ૧.૮૩ લાખ કરોડ હતું, જ્યારે તેના અગાઉના મહિને તે અંદાજે રૂ. ૧.૯૫ લાખ કરોડ હતું. મહિના દરમિયાન ગ્રોસ સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(CGST) આવક રૂ. ૩૯,૮૩૫ કરોડ રહી હતી, જ્યારે સ્ટેટ GST(SGST) અને ઈન્ટિગ્રેટેડ GST(IGST) ની આવક અનુક્રમે રૂ. ૪૭,૮૮૧ કરોડ અને રૂ. ૧.૨૩ લાખ કરોડથી વધુ હતી. જુલાઈ દરમિયાન કુલ રિફંડ ૧૩.૧ ટકા વધીને રૂ. ૨૯,૯૬૮ કરોડ થયું છે. રિફંડ બાદ કર્યા પછી, નેટ GST આવક રૂ. ૧.૮૧ લાખ કરોડથી વધુ રહી છે.

જુલાઈ મહિનામાં કુલ અને શુદ્ધ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શનમાં વર્ષો વર્ષના ધોરણે અનુક્રમે 15.4 ટકા અને 15.8 ટકાનો

...અનુસંધાન પાના 11 પર

E20: અરવિંદ કેજરીવાલ ચોથીએ વડાપ્રધાન આવાસ પર કૂચ લઈ જશે

લાઠીઓથી ડરતા નહીં હોય તેવા ૧૦૦ લોકોને લઇને મંગળવારે મોદીના નિવાસસ્થાને જશે, બે લાખ સહીઓ વાળી અરજી આપશે

પોતાને ઘરમાં નજરકેદ કરાયા હોવાનો ચળવળકાર તેહસીન પૂનાવાલાનો દાવો

નવી દિલ્હી, તા. 1 : આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે શનિવારે જાહેરાત કરી કે તેઓ કેન્દ્રની E20 પેટ્રોલ નીતિ સામે બે લાખથી વધુ નાગરિકો દ્વારા સહી કરાયેલી અરજીની પ્રિન્ટઆઉટ જમા કરાવવા માટે 4 ઓગસ્ટના રોજ જેઓ લાઠીઓથી ડરતા નથી તેવા 100 લોકોના જૂથ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન તરફ કૂચ કરશે.

આ જાહેરાત નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે યોજાયેલી 'નેશનલ ટાઉન હોલ અગેઇન્સ્ટ E20' ના અંતે કરવામાં આવી હતી, જ્યાં તેમણે 20% ઇથેનોલ-મિશ્રિત બળતણના અમલીકરણને તાજેતરના ભારત-અમેરિકા વેપાર કરાર સાથે જોડ્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે "અમેરિકાને ખુશ રાખવા માટે" આ નીતિ થોપવામાં આવી રહી છે. આપના નેતાઓએ કાર્યક્રમ સ્થળની બહાર રેપિડ એક્શન ફોર્સ (RAF) અને દિલ્હી પોલીસના જવાનોની ભારે હાજરી તરફ ધ્યાન દોર્યું હતું. જેમાં લોકો વર્ચ્યુઅલી પણ જોડાયા હતા તેવા એક મોટા સભાને સંબોધતા કેજરીવાલે કહ્યું કે થોડા દિવસો પહેલા શરૂ કરવામાં આવેલી ઓનલાઇન અરજીમાં બે લાખથી વધુ સહીઓ થઈ ચૂકી છે. "મેં તેના પ્રિન્ટઆઉટ લઈ લીધા છે. મંગળવાર, 4 ઓગસ્ટે બપોરે, હું પોતે આ બધી અરજીઓ જમા કરાવવા વડાપ્રધાનના નિવાસસ્થાન તરફ જઈશ. દરેક જણે આવવાની જરૂર નથી. હું મારી સાથે એવા 100 લોકોને લઈ જઈશ જેઓ લાઠીઓથી ડરતા નથી," એમ તેમણે કહ્યું હતું. તેઓ બપોરે ૧૨ વાગ્યે કૂચ શરૂ કરશે.

દરમિયાન, સામાજિક ચળવળકાર તહસીન પૂનાવાલાએ દાવો કર્યો છે કે તેમને નવી દિલ્હીમાં નજરકેદ કરવામાં આવ્યા છે. પૂનાવાલાએ કેન્દ્રના E20 પ્રોગ્રામના અમલીકરણ સામે ગાંધી સ્મૃતિ સુધી માર્ચ અને એક દિવસીય ભૂખ હડતાળનું આયોજન કર્યું હતું. પરંતુ આ કાર્યક્રમ પહેલા જ પોતાને મહિલા પોલીસ અધિકારીઓ સહિતની એક પોલીસ ટીમે ઘરમાં નજર કેદ કરી લીધા હોવાનો આક્ષેપ પૂનાવાલાએ કર્યો છે.

કોમર્શિયલ LPGના ભાવમાં રૂ. ૧૯૨નો ઘટાડો: વિમાનના ઇંધણના ભાવમાં રૂ. ૫નો વધારો

હોટેલ્સ અને રેસ્ટોરાં વગેરેમાં વપરાતા રાંધણગેસના ૧૯ કિલોના સિલિન્ડરમાં સતત બીજો માસિક ઘટાડો

નવી દિલ્હી, તા. 1 (PTI): હોટેલ્સ અને રેસ્ટોરાં જેવા વ્યાવસાયિક એકમોમાં વપરાતા કમર્શિયલ એલપીજી(LPG) સિલિન્ડરના ભાવમાં શનિવારે ૧૯ કિલોદીઠ રૂ. ૧૯૨નો મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ, બેન્ચમાર્ક દરોમાં વિપરીત વલણને કારણે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF - વિમાનનું બળતણ) ના ભાવમાં લિટરદીઠ રૂ. ૫નો વધારો કરાયો છે.

સરકારી તેલ કંપનીઓના ભાવ અંગેના આંકડા મુજબ, દિલ્હીમાં ૧૯ કિલોના કમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત હવે રૂ. ૨,૯૩૦થી ઘટીને રૂ. ૨,૭૩૮ થઈ ગઈ છે, જ્યારે ATFના દર લિટર દીઠ રૂ. ૧૧૦ પરથી વધારીને રૂ. ૧૧૫ કરવામાં આવ્યા છે. ૧ જુલાઈના રોજ રૂ. ૧૮૩.૫૦ના ઘટાડા પછી કમર્શિયલ એલપીજીના દરોમાં આ સતત બીજો માસિક ઘટાડો છે. એટીએફના કિસ્સામાં,

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૧-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	૯.૦૦ મીમી	૫૦૯ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૨૮.૪૦ સે.	૨૫.૪૦ સે.	૯૪%

સંસદ પરિસરમાં રામ મંદિર દાન ચોરીના નાટક બદલ પપ્પુ યાદવ, રાહુલ સામે FIR

સંસદ ભવનના મકર દ્વાર સામે પ્રહસન ભજવવામાં આવ્યું હતું જેમાં રાહુલ, અપક્ષ સાંસદ પપ્પુ યાદવ, સપા સાંસદ અવધેશ પ્રસાદે ભાગ લીધો હતો

ત્રણેય સામે વારાણસીમાં સાધુ સંતોએ એફઆઇઆર નોંધાવી, દિલ્હીમાં બાંસુરી સ્વરાજની આગેવાની હેઠળ ભાજપ નેતાઓએ ફરિયાદ નોંધાવી

નવી દિલ્હી/વારાણસી, તા. 1 (PTI): સંસદ પરિસરમાં રામ મંદિરના દાનની ચોરી અંગેના એક પ્રહસન દ્વારા ધાર્મિક સદભાવના અને ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સાંસદ પપ્પુ યાદવ અને અવધેશ પ્રસાદ વિરુદ્ધ શનિવારે વારાણસીમાં FIR નોંધવામાં આવી છે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીના સાંસદ બાંસુરી સ્વરાજ સહિતના ભાજપના નેતાઓએ આ મામલે દિલ્હીમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે.

કાશી ઝોનના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ગૌરવ બંસવાલના જણાવ્યા અનુસાર, વારાણસી પોલીસે સાધુ-સંતો દ્વારા કોતવાલી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ઔપચારિક ફરિયાદના આધારે આ ત્રણેય વિપક્ષી નેતાઓ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. સાધુ-સંતોનો આક્ષેપ છે કે આ સાંસદોએ સનાતન ધર્મનું અપમાન કર્યું છે. આ કેસ ભારતીય ન્યાય સંહિતા(BNS) ની વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો છે.

નવી દિલ્હીના સાંસદ બાંસુરી સ્વરાજે ભાજપના ધારાસભ્યો સાથે પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને આક્ષેપ કર્યો હતો કે વિપક્ષી નેતાઓએ વિરોધ પ્રદર્શનના બહાને સનાતન સંસ્કૃતિની મજાક ઉડાવી છે. અયોધ્યાના રામ મંદિરમાં દાનમાં થયેલી કથિત ગેરરીતિ અને ચોરીના વિરોધમાં શુક્રવારે સંસદ ભવનના મકર દ્વાર સામે ભગવા વસ્ત્રો પહેરીને પપ્પુ યાદવ અને અન્ય વિપક્ષી સાંસદોએ આ નાટક રજૂ કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન રાહુલ ગાંધી સહિતના સાંસદો દાનપેટીમાં પૈસા મૂકી રહ્યા હતા, જ્યારે પૂર્ણિયાના અપક્ષ

...અનુસંધાન પાના 11 પર

કેરળમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે 6 લોકોનાં મોત

માલ-મિલકતોને નુકસાન: રાજ્યભરમાં ૬૫ રાહત શિબિરો શરૂ કરાઇ

તિરુવનંતપુરમ (કેરળ), તા. 1 (PTI). કેરળના કેટલાક ભાગોમાં શનિવારે ભારે વરસાદ ખાબક્યો હતો, જેના કારણે ભૂસ્ખલન થયું હતું, નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થયા હતા, નદીઓ અને ડેમોમાં પાણીની આવક વધી હતી અને સત્તાધીશોને અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટા પાયે બચાવ અને સ્થળાંતર કામગીરી શરૂ કરવાની ફરજ પડી હતી.

મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) ના એક નિવેદનમાં જણાવાયું છે કે, રાજ્યભરમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં છ લોકોનાં મોત થયાં છે.

ચાર મોત ઈડુક્કી અને કોટ્ટયમ જિલ્લામાં ભૂસ્ખલનની અલગ-અલગ ઘટનાઓમાં થયાં હતાં, જ્યાં અન્ય કેટલાક લોકોને બચાવી લેવાયા હતા.

નિવેદનમાં જણાવાયું છે કે, લાપતા થયેલા છ લોકો માટેની શોધખોળ કામગીરી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), ફાયર એન્ડ રેસ્ક્યૂ સર્વિસિસ, પોલીસ, કોસ્ટ ગાર્ડ, સ્થાનિક વહીવટીતંત્ર, જનપ્રતિનિધિઓ અને સ્થાનિક રહીશોની ભાગીદારી સાથે ચાલુ રહી હતી.

નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, રાજ્યભરમાં 65 રાહત શિબિરો ખોલવામાં આવી છે, જેમાં 1,465 લોકોને આશ્રય આપવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી વી. ડી. સતીશને જણાવ્યું હતું કે, વરસાદ સંબંધિત ઘટનાઓમાં 17 મકાનો સંપૂર્ણ નાશ પામ્યા છે અને અન્ય 127 મકાનોને અંશતઃ નુકસાન થયું છે.

ઈડુક્કી જિલ્લામાં ભૂસ્ખલનની બે અલગ-અલગ જીવલેણ ઘટનાઓ નોંધાઈ હતી.

મૃતકની ઓળખ ઈડુક્કી જિલ્લાના કુડાયથૂર નજીક અડૂરમાલાના રહેવાસી સુમથી (65) તરીકે થઈ છે.

અધિકારીઓએ જણાવ્યું કે તેમના પતિ રવિ અને તેમના પુત્ર રશને બચાવી લેવામાં આવ્યા હતા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અન્ય એક ઘટનામાં, વાયકોમના પ્રભાકરન નાયર (77)નું ઈડુક્કી જિલ્લાના વાગામોન વિસ્તારમાં તેમના સંબંધીના ઘર પર ભૂસ્ખલન થતાં મોત થયું હતું.

કોટ્ટયમ જિલ્લાના પૂંજરમાં પય્યાનીથોટ્ટમ ખાતે ભૂસ્ખલન બાદ

...અનુસંધાન પાના 11 પર